NAVSARI AGRICULTURAL UNIVERSITY

# સંશોધન નિયામકશ્રીની કચેરી
## નવસારી કૃષિ યુનિવર્સિટી
### એરૂ ચાર રસ્તા, નવસારી

**ડૉ. ટી. આર. અહલાવત**
ઇં/ચા. સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

ફોન : ૦૨૬૩૭ ૨૮૩૧૬૦
ફેકસ : ૦૨૬૩૭ ૨૮૩૧૬૦
**E-mail :** dr@nau.in

# <u>પરિપત્ર</u>

વિષય : મુખ્ય કેમ્પસમાં પ્રવેશ કરતા વાહનોની ઓળખ માટે સ્ટીકર લગાવવા બાબત....

જયભારત સહ ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, નવસારી કૃષિ યુનિવર્સિટીના મુખ્ય કેમ્પસ ખાતે દિવસ રાત્રી દરમ્યાન અવર જવર કરતા તમામ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ તથા સ્ટાફ ક્વાર્ટરના રહીશો દ્વારા ઉપયોગમાં લેવામાં આવતા વાહનોની ઓળખ માટે યુનિવર્સિટી કક્ષાએ એક સ્ટીકર બનાવવામાં આવેલ છે. સદર સ્ટીકરની માંગણી માટે અગાઉ મુખ્ય કેમ્પસની તમામ કચેરીઓ પાસેથી વાહનોની માહિતી મંગાવવામાં આવેલ હતી. જે મુજબ અત્રેની કચેરી ખાતેથી કચેરી સમય દરમ્યાન તમામ કચેરીઓને આપના દ્વારા અપાયેલ મહિતી મુજબ વાહન ઓળખ માટેના સ્ટીકરોની ફાળવણી તા.૧૮/૦૯/૨૦૨૩ થી કરવામાં આવનાર છે. મુખ્ય કેમ્પસ ખાતે પ્રવેશ દરમ્યાન ગેટ ઉપરના સિક્યોરીટી ગાર્ડને સ્પષ્ટ દેખાય એ રીતે તમામ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ તથા સ્ટાફ ક્વાર્ટરના રહીશો વાહનો ઉપર સ્ટીકર લગાવવાનુ રહેશે અને જો વાહન ઉપર સ્ટીકર લગાવેલ ન હોય તો ગેટ ઉપરના સિક્યોરીટી ગાર્ડ પાસે રજીસ્ટરમાં નોંધણી કરાવીને મુખ્ય કેમ્પસમાં પ્રવેશ મેળવવાનો રહેશે. વાહન ઉપર સ્ટીકર ન લગાવેલ હોવાના કારણે ગેટ ઉપરના સિક્યોરીટી ગાર્ડ રજીસ્ટરમાં નોંધણી કરવા જણાવે તે સમયે ગાર્ડને સહકાર આપવો તથા તેઓની સાથે કોઇ પણ વાદ-વિવાદમાં ન ઉતરવાનું અત્રેથી સુચન કરવામાં આવે છે.

વધુમાં જેમને પણ સ્ટીકરની જરૂરિયાત હોય તેઓ દ્વારા સીધી અરજી અત્રે ન કરતા કચેરીનાં વડા મારફત માહિતી એકત્રિત કરી અત્રેની કચેરી ખાતે અરજી કરી વધારાના સ્ટીકરોની ફાળવણી કરાવી લેવાની રહેશે.

મુખ્ય કેમ્પસના તમામ ગેટ પાસેથી કેમ્પસમાં અવર-જવર કરતા વાહનોની નોંધણી કરવાની કામગીરી સિક્યુરીટી ગાર્ડ દ્વારા તા.૦૧/૧૦/૨૦૨૩ થી ફરજીયાત પણે કરવા જણાવવામાં આવે છે.

જા.નં/નકૃયુ/સંનિ/ટી-૧/ 4945-46 /૨૦૨૩
તા.૨૪/૦૯/૨૦૨૩

**સંશોધન નિયામક અને**
**અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ**

<u>નકલ સવિનય રવાના:-</u>

૧) યુનિટ/સબ યુનિટના તમામ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ તરફ જાણ તથા જરૂરી અમલ થવા સારૂ.

૨) Growmore Security & Investigation Service, ૩૧૬, સંજય કોમ્પ્લેક્ષ, રાજપુત પારા મેઇનરોડ, રાજકોટ તરફ તા.૦૧/૧૦/૨૦૨૩ થી મુખ્ય કેમ્પસના ગેટ ઉપર ફરજ બજાવતા આપના હસ્તકના સિક્યુરીટી ગાર્ડ એ ફરજીયાત પણે વાહનોની ઓળખ માટેના સ્ટીકરની ચકાસણી કરવા તથા સ્ટીકર વગરના વાહનોની રજીસ્ટરમાં નોંધ કરવા જણાવવામાં આવે છે.

# માંગણી પત્રક

પ્રતિ,
સંશોધન નિયામકશ્રી,
ન.કૃ.યુ., નવસારી

વિષય : વાહન ઓળખ માટેના સ્ટીકર ફાળવવા બાબત...

સવિનય સહ ઉપરોક્ત વિષય અંવયે જણાવવાનુ કે, અત્રેની કચેરીમાં ફરજ બજાવતા અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ દ્વારા અવર જવર માટે ઉપયોગમાં લેવામાં આવતા વાહનો માટે નંગ.................... સ્ટીકરો ફાળવી આપવા વિનંતી છે.

તારીખ : **કચેરીના વડાની સહી અને સિક્કો**

---

# પહોંચ

આથી પહોંચ લખી આપવામાં આવે છે કે, અત્રેની કચેરીમાં ફરજ બજાવતા અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓના ઉપયોગ માટે સંશોધન નિયામકશ્રીની કચેરી, ન.કૃ.યુ., નવસારી તરફથી વાહન ઓળખ માટેના સ્ટીકર તા. / /૨૦૨૩ ના રોજ મળેલ છે.

| અ. નં. | વિગત | નંગ | સિરિયલ નં. |
|---|---|---|---|
| 1 | વાહન ઓળખ માટેના સ્ટીકર | | |

તારીખ : **કચેરીના વડાની સહી અને સિક્કો**

નોંધ : માંગણી પત્રક અને પહોંચ બે (૦૨) નકલમાં લાવવી.